ૐ

# ❀ જિનજીની વાણી ❀

[પંડિત શ્રી હિંમતભાઈ સમયસાર પરમાગમનો અનુવાદ કરી રહ્યા હતા ત્યારે તેમના અંતરમાં સમયસાર પરમાગમ તથા તેના રચયિતા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રતિ અત્યંત ભક્તિભાવ જાગતાં તેઓશ્રીએ આ ભક્તિરચના વિ.સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)માં કરી હતી જે સમગ્ર દિગંબર જૈન સમાજમાં અત્યંત પ્રિય છે.]

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦